જાણીતા પાર્શ્વગાયકો શંકર મહાદેવન અને પાર્થિવ ગોહિલ ગાંધીનગરને ઘેલું લગાડશે

કલ્ચરલ ફોરમનો ગ્રીષ્મોત્સવ ૩૦-૩૧ મેએ યોજાશે

ગાંધીનગરના નાગરિકો જેની આતુરતાપૂર્વક રાહ જોતા હોય છે તે ગાંધીનગર કલ્ચરલ ફોરમનો ગ્રીષ્મોત્સવ આગામી તારીખ ૩૦ અને ૩૧ મે, ૨૦૧૫ દરમિયાન યોજાશે. આ ગ્રીષ્મોત્સવમાં ભારતના સુપ્રસિધ્ધ પાર્શ્વગાયક શંકર મહાદેવન ગાંધીનગરના કલા રસિક નાગરિકો સમક્ષ પ્રથમ વખત પરફોર્મ કરશે.

ગાંધીનગરની અગ્રણી સંસ્થા- ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા પ્રતિવર્ષ વેકેશન દરમિયાન ગ્રીષ્મોત્સવનું આયોજન કરાઈ રહ્યું છે. ગાંધીનગરની વિશિષ્ટ ઓળખ સમા ગ્રીષ્મોત્સવમાં આ વર્ષે તારીખ ૩૦મી મેના રોજ મૂળ ગુજરાતના સુપ્રસિધ્ધ પાર્શ્વગાયક શ્રી પાર્થિવ ગોહિલ અને કલાકારો પરફોર્મ કરશે અને તારીખ ૩૧મી મેના રોજ 'બ્રીથલેસ' ગાયકી થી પ્રસિદ્ધ થયેલા જાણીતા ગાયક શ્રી શંકર મહાદેવન અને તેમનું ટ્રૂપ પરફોર્મ કરશે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમના સભ્યો માટે યોજાતા ગ્રીષ્મોત્સવે અનેરૂ આકર્ષણ ઊભું કર્યું છે. ભારતના અલકા યાજ્ઞીક, કવિતા કૃષ્ણમૂર્તિ, કૈલાસ ખેર, ઓસમાણ મીર અને સુનિધિ ચૌહાણ જેવા જાણીતા ગાયક કલાકારો ગ્રીષ્મોત્સવ દરમિયાન ગાંધીનગરના નાગરિકોને મંત્રમૂગ્ધ કરી ગયા છે. ગાંધીનગર કલ્ચરલ ફોરમના વર્ષ-૨૦૧૫-૧૬ના સભ્યો માટે 'ગ્રીષ્મોત્સવ-૨૦૧૫' અભૂતપૂર્વ અનુભૂતિ બની રહેશે.

વાહકજન્ય રોગચાળાના નિયંત્રણ માટે તબીબોનો વર્કશોપ યોજાયો

ગંભીર પ્રકારના ડેન્ગ્યુ, મેલેરીયા અંગે નિષ્ણાંતોએ ચર્ચા કરી

ગાંધીનગર, તા.૯

મેલેરીયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયા જેવા વાહકજન્ય રોગચાળાને નિયંત્રણમાં લેવા માટે આજે એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા પંચાયત અને આઈ.એમ.એ. દ્વારા આયોજિત આ વર્કશોપમાં ૮૦થી વધુ નિષ્ણાંત તબીબોએ ભાગ લઈ જરુરી માર્ગદર્શન પુરું પાડયું હતું.

ગાંધીનગર જિલ્લામાં મેલેરીયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયાના વાહકજન્ય રોગચાળાનું જોર વધતું જાય છે જયારે આ રોગચાળાને નિયંત્રણમાં લેવા જનજાગૃતિની સાથે તબીબી માર્ગદર્શન અત્યંત અનિવાર્ય હોવાથી આ મામલે આજે એક વર્કશોપ યોજવામાં આવ્યો હતો ગાંધીનગર જિલ્લા પંચાયત તેમજ આઈ.એમ.એ. દ્વારા સંયુકત રીતે યોજાયેલા આ વર્કશોપમાં ફીઝીશિયન, ગાયનેકોલોજીસ્ટ, પિડીયાટ્રીશીયન દ્વારા કલિનીકલી ગંભીર પ્રકારના મેલેરીયા અને ડેન્ગ્યુના કેસોને ધ્યાને લઈ નિષ્ણાંતો દ્વારા ચર્ચા વિમર્શ કરવામાં આવી હતી. વર્કશોપ દરમિયાન ડૉ. બી.એસ. જેસલપુરા, વિભાગીય નાયબ નિયામક ડૉ. દિનકર રાવળ, ડૉ. જી.સી. શાહ, ડૉ. કમલેશ ઉપાધ્યાયે માર્ગદર્શન પુરું પાડું હતું. શહેર તેમજ જિલ્લાની મેડીકલ કોલેજ ઉપરાંત ૮૦થી વધુ નિષ્ણાંત તબીબોએ વર્કશોપમાં ભાગ લીધો હતો.

બેંકોમાં બીજા-ચોથા શનિવારની રજાના મામલે કર્મચારીઓમાં કચવાટ

સમજુતી મુજબના અમલીકરણમાં સરકારની ઢીલાશ, રજાઓ સંદર્ભે બેંકો સાથે ભેદભાવભર્યુ વલણ

ગાંધીનગર, તા. ૮

બેંક કર્મચારીઓની માંગણી અંગે ઈન્ડીયન બેંક એસોસીએશન અને સરકાર વચ્ચે મુદ્દાસર સમજુતી થયેલ છે. પરંતુ આ સમજુતીનું અમલીકરણ ન થતાં દેશની બેંકોના કર્મચારીઓમાં રોષ ફાટી નીકળ્યો છે.જેમાં બેંકોમાં બીજા અને ચોથા શનિવારની રજાનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો જે પણ નાણાંકીય વર્ષથી અમલમાં ન આવતાં સરકાર સમય ખેંચી રહી હોવાનો આક્ષેપ કર્મચારીઓ દ્વારા થઈ રહ્યો છે. જો કે રજાઓ સંદર્ભે દેશની સરકારી કચેરીઓના કર્મચારીઓ અને બેંક કર્મચારીઓ વચ્ચે ભેદભાવભર્યુ વલણ અપનાવાતુ હોવાનો બળાપો પણ કર્મચારીઓ વ્યક્ત કરી રહ્યા છે.

> તમામ મુદ્દાઓ સાથેની ફાઈલ નાણાં વિભાગમાં છે. ત્યાંથી જુ સુધી ક્લીયરન્સ મળ્યુ નથી અને જેથી શનિવારે રજા બાબતે ક્લેરીફીકેશન થઈ શકે નહી.
> **કે.વી. બારોટ - મહામંત્રી, મહાગુજરાત બેંક એપ્લોઇસ એસો.**

દેશની બેંકોના વિવિધ પ્રશ્નો સંદર્ભે છેલ્લા ઘણા સમયથી બેંક યુનિયન લડત ચલાવી રહ્યુ હતુ. જેમાં છેલ્લે નાણાં મંત્રી સાથે આ અંગે થયેલી બેઠકમાં બેંક યુનિયને સમાધાનકારી વલણ અપનાવી મુદ્દાસર સમજુતી કરી છે. જેમાં પગાર વધારો, શનિવારની રજાઓ તથા અન્ય મુદ્દાઓ સામેલ હતા. જે પૈકી બીજા અને ચોથા શનિવારે રજા આપવાના મુદ્દાઓ કર્મચારીઓમાં સંતોષ અને આનંદ ફેલાયો છે. પરંતુ આ અંગે હજુ સુધી પણ તેનું અમલીકરણ કે તે અંગેની સ્પષ્ટતા ન થતાં કર્મચારીઓમાં વહીવટીતંત્રની નિતીરીતી સામે આક્રોશ ફેલાયો છે.

કામમાં ઝડપ અને ફાઈલોનું ત્વરીત નિકાલના આગ્રહી એવા વડાપ્રધાન નરેન્દ્ર મોદી સરકારમાં નાણા મંત્રાલયની ઢીલાશ સ્પષ્ટ તરી આવી હોવાનું કર્મચારીઓ જણાવી રહ્યા છે. જેમાં વળી દેશના અર્થતંત્ર સંલગ્ન કામગીરી આ બેંકો આધારીત હોય ત્યારે તેના પ્રશ્ન બાબતે તંત્રની નરમાઈ યોગ્ય ન હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે. આર.બી.આઈ. મારફતે દેશની નાણાંકીય સ્થિતિનો અભ્યાસ કરતુ નાણાં મંત્રાલય બેંકોના પ્રશ્નો સંદર્ભે નક્કર કાર્યવાહી માટે કેમ ઢીલાશ વર્તે છે તેવો પ્રશ્ન પણ કર્મચારીઓમાં ઉભો થયો છે. સમજુતી થઈ ગયા પછી પણ તેનો અમલીકરણ માટે સરકાર સાથે લડત કરવી પડે તે આ દેશની કરમકઠણાઈ હોવાનુ કર્મચારીઓ કહી રહ્યા છે.

સે-૨૬ કિસાનનગરમાં રસ્તાનું કામ અટવાયું

સેકટરમાં પાણીના ભરાવાની સમસ્યા નિવારવા સી.સી. રોડ બનાવાશે

સે-૨૬ કિસાનનગર સોસાયટીમાં ચોમાસા દરમિયાન સોસાયટીઓમાં પાણી ભરાઈ જતા કેટલાક વિસ્તારમાં જળબંબાકારની સ્થિતિ સર્જાય છે જેને ધ્યાને લઈ તંત્ર દ્વારા આ સ્થિતિ નિવારવા સેકટરમાં જરુરી સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. જેના અંતે સેકટરોમાં અમુક વિસ્તારમાં તંત્ર કક્ષાએથી સી.સી. રોડ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી ચોમાસા પૂર્વે સેકટરમાં રસ્તાનું અધુરું કામ પૂર્ણ કરી દેવામાં આવશે તેમ પણ સૂત્રોએ જણાવ્યું છે. સેકટરમાં કેટલાક નીચાણવાળા વિસ્તારમાં વરસાદી દિવસોમાં પાણીનો ભરાવો થતો હોવાથી તંત્ર દ્વારા સી.સી. રોડ બનાવવાની દિશામાં વિચારણા હાથ ધરવામાં આવી છે.

રહીશો આંદોલન કરવાના મુડમાં : છેલ્લા એક વર્ષથી આંતરિક રસ્તાનું કામ પૂર્ણ થયું નથી

ગાંધીનગર, તા.૯

સે-૨૬ કિસાનનગર વિસ્તારમાં આંતરિક રસ્તાઓનું કામ છેલ્લા એક વર્ષથી અધુરું હોવાનો આક્રોશ સ્થાનિક રહીશોમાં ઉઠવા પામ્યો છે. આ કામગીરી ત્વરિત પૂર્ણ નહીં કરવામાં આવે તો રહીશો દ્વારા ગાંધી ચિંધ્યા માગે આંદોલન કરવામાં આવશે તેવી ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

સે-૨૬ કિસાનનગર વસાહત મંડળના પ્રમુખ ડાહ્યાભાઈ પટેલે રજૂઆતમાં જણાવ્યા અનુસાર સેકટરના કિસાનનગર વિસ્તારમાં કોન્ટ્રાકટર દ્વારા આંતરિક માર્ગોનું કામ અધુરું છોડી દેવામાં આવ્યું છે. છેલ્લા એક વર્ષથી આ કામગીરી પૂર્ણ ન થતા સ્થાનિક અગ્રણીઓ દ્વારા આ મામલે અનેકવાર રજૂઆતો કરવા છતાં કોઈ પગલા લેવાતા નથી. સોસાયટીમાં માર્ગનું કામ અધુરું હોવાથી વાહનો સરળતાપૂર્વક અવર જવર કરી શકતા નથી. બીજી તરફ ચોમાસાના દિવસો નજીક આવી રહ્યા છે ત્યારે વરસાદી ઋતુમાં પાણીનો ભરાવો થવાથી ગંદકી અને મચ્છરોનો ઉપદ્રવ વધે તેમ છે. પાણીનો નિકાલ થઈ શકે તેમ માર્ગનું

● અનુસંધાન પાન-૭ પર

પાણીજન્ય રોગચાળાને અટકાવવા ક્લોરિનેશનની માત્રા વધારવા સૂચન

ગાંધીનગર, તા. ૯

ઉનાળાની ઋતુ શરૂ થતાં

ગાંધીનગર શહેરમાં પાણીજન્ય રોગચાળાની શરૂઆત થઈ છે. ગાંધીનગરને પુરૂ પાડવામાં આવતા પીવાના પાણીમાં ક્લોરીનેશનની માત્રા ઓછી હોવાનું જણાયુ છે. જો પાણીમાં ક્લોરીનેશનું પ્રમાણ વધારવામાં આવે તો પાણીજન્ય રોગચાળાને અટકાવી શકાય છે. ગાંધીનગર મહાનગરપાલિકાના કોર્પોરેટર શ્રી પ્રવિણભાઈ ડી. પટેલે પાટનગર યોજના વિભાગને કરેલી રજુઆત અનુસાર ગાંધીનગર શહેરમાં પાણીનો પુરવઠો ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લી. મારફતે શુદ્ધિકરણ કરીને ક્લોરીનેશન કર્યા પછી પાટનગર યોજના મારફતે પુરૂ પાડવામાં આવે છે. જી.ડબલ્યુ.આઈ. રો. વોટર નર્મદા કેનાલમાંથી મેળવે છે, જે ઘણું જ પ્રદૂષિત હોય છે. પણ પુરતુ ક્લોરીનેશન કરવામાં આવે તો જીવાણુ રહિત બનાવી શકાય.

આજરોજ જુદા જુદા સેક્ટરમાં સપ્લાયના સમયે રેસી. ક્લોરીન માપતાં જાણવા મળ્યું છે કે, ગાંધીનગર

● અનુસંધાન પાન-૭ પર

આઉટ સોર્સીંગથી લેવામાં આવતી સેવાઓ અંગે ચોકકસ નીતિ ઘડવાની પ્રક્રિયા વિલંબમાં

ગાંધીનગર, તા.૯

રાજય સરકારની કચેરીઓમાં આઉટ સોર્સીંગથી લેવામાં આવતી સેવાઓ અંગે નવી નીતિ ઘડવાની પ્રક્રિયા વિલંબમાં પડવા પામી હોવાનું જાણવા મળે છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં તકેદારી આયુકતના અધ્યક્ષસ્થાને એક બેઠક મળી હતી. આ બેઠકમાં રાજય સરકારના વહીવટમાં પારદર્શિતા લાવવાના ભાગરૂપે કામકાજની પધ્ધતિમાં સીસ્ટમેટીક ઈમ્પ્રુવમેન્ટની અનિવાર્યતા પર તકેદારી આયુકતે ભાર મૂકયો હતો અને રાજય સરકારના કેટલાક વિભાગો દ્વારા આ દિશામાં હાથ ધરેલા પ્રયત્નોની પ્રશંસા પણ કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર

આજે અને આવતીકાલે પેટ્રોલ પમ્પ બંધ રહેશે

ગાંધીનગર, તા.૯

પેટ્રોલ પંપ ડીલરો પણ હડતાળ ઉપર ઉતરવાની હિલચાલ કરી રહ્યા છે. સીઆઈપીડીની હાલમાં જ દિલ્હીમાં મહત્વપૂર્ણ બેઠક મળી હતી જેમાં ૧૦ માંગણીઓને લઈને ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ ૧૦ માંગણીઓને લઈને હડતાળ પાડવાનો નિર્ણય કરાયો છે. જેના ભાગરુપે પેટ્રોલ પંપ દરેક જિલ્લામાં ચોક્કસ સમય ગાળા દરમિયાન બંધ રહેશે. લેવામાં આવેલા નિર્ણય મુજબ શુક્રવારે રાત્રે બાર વાગ્યાથી શનિવારે સવારે ૧૦ સુધી પેટ્રોલ પંપ બંધ રાખવાનો નિર્ણય કરાયો છે. શનિવારે સવારે ૧૦થી સાંજે છ વાગ્યા દરમિયાન પેટ્રોલ પંપ ખુલ્લા રહેશે પરંતુ ૧૧મીએ શનિવારે સાંજે ચાર વાગ્યાથી રાત્રે ૧૨ વાગ્યા સુધી પેટ્રોલ પંપ બંધ રાખવામાં આવશે.

૧૧મીએ શનિવારે લોકોને વધારે મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. કારણ કે શનિવારે આખા દિવસ દરમિયાન ઓઈલ કંપનીઓ પાસેથી માલ પણ ઉપાડવામાં આવશે નહીં. કર્મચારીઓએ એકતા દર્શાવીને આ અંગેનો નિર્ણય કર્યો છે. દરેક જિલ્લાના તમામ પેટ્રોલ પંપ ડિલરોને આ અંગેની સૂચના આપવામાં આવી છે. પેટ્રોલ પંપ બંધ રહેવાથી સામાન્ય લોકોને આ ગાળા દરમિયાન સાવધાની રાખવી પડશે. આની અસર પણ જોવા મળશે.

શુક્રવાર અને શનિવારના દિવસે મુશ્કેલી પડે તે પહેલા જ પેટ્રોલ પંપ ડિલરોના નિર્ણયથી વાકેફ થયેલા લોકોએ તેમના વાહનોમાં પેટ્રોલ અને ડિઝલ પુરાવી લીધા હતા.

રાજય ફાર્મસી કાઉન્સિલના પ્રમુખપદે મોન્ટુ પટેલની વરણી

પ્રમુખ સહિત અન્ય ૧૭ સભ્યોની પણ નિમણુંક કરાઈ : ગુજરાતમાં સૌપ્રથમ ડ્રગ્સ ઈન્ફોર્મેશન સેન્ટર ઉભું કરાશે અને ગુજરાત ફાર્મસી કાઉન્સિલના નવા નિયમો પણ બનાવવામાં આવશે : મોન્ટુ પટેલ

ગાંધીનગર, તા.૯

રાજય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા તાજેતરમાં ૧૭ સભ્યોનું જાહેરનામુ પ્રસિધ્ધ કરી ગુજરાત રાજય ફાર્મસી કાઉન્સિલની પ્રથમ બેઠક તાજેતરમાં મળી હતી જેમાં પ્રમુખ તરીકે ઝુંડાલ ગામના ૨૫ વર્ષીય યુવાન મોન્ટુકુમાર મુકેશકુમાર પટેલની વરણી કરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાત રાજય ફાર્મસી કાઉન્સિલની ચૂંટણી ૨૦૧૩માં યોજાઈ હતી. ચૂંટણીના બે વર્ષ વિતી ગયા ત્યારે તાજેતરમાં તા. ૫ માર્ચ ૨૦૧૫ના રોજ ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા ૧૭ સભ્યોનું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું હતું.

આ ફાર્મસી કાઉન્સિલની પ્રથમ વાર્ષિક બેઠક તાજેતરમાં તા. ૭મી એપ્રિલના રોજ યોજાઈ જેમાં સર્વાનુમતે પ્રમુખ તરીકે ૨૫ વર્ષીય

● અનુસંધાન પાન-૭ પર

અભિનંદન - શુભેચ્છા - શુભકામનાઓ

શ્રીમતી સોનીયા ગાંધી
માન. અધ્યક્ષાશ્રી
ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ

શ્રીમાન નિશીતભાઈ વ્યાસ
મહામંત્રી
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ

શ્રીભરતસિંહ સોલંકી
પ્રદેશ પ્રમુખ - કોંગ્રેસ
ગુજરાત રાજ્ય

આપની ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મહામંત્રીશ્રી તરીકેની વરણી બદલ
સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર તરફથી આપને
ખૂબ ખૂબ શુભકામનાઓ, અભિનંદન...
આપ ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મહામંત્રીશ્રીના ગરીમાપૂર્ણ હોદ્દાને શોભાવશો
તેથી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર ગર્વની લાગણી અનુભવે છે.
આપની નામના, યશ અને કિર્તિ દિન-પ્રતિદિન વધે
તેવી સોમનાથ મહાદેવને પ્રાર્થના.

નરેશ દવે
મહામંત્રી

પિનાકીન રાવલ
પ્રમુખ

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર કારોબારી સમિતિ

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઘ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com